તા.૩૦/૦૭/૨૦૨૫

# શેઠ એમ.એન.સાયન્સ કોલેજ, પાટણ

## શિષ્યવૃતિનું ફોર્મ ભરવા અંગેની સૂચનાઓ

## BAXIPANCH /SC/ST/EBC

SHETH M.N. SCIENCE COLLEGE PATAN (N. G.)

**વિધાર્થીઓએ શિષ્યવૃતિનું ઓનલાઈન ફોર્મ ભરતા પહેલા નીચે મુજબની વિગતો વાંચીને તથા નીચે મુજબના તમામ ઓરીજનલ ડોકયુમેન્ટ સ્કેન કરીને ફરજીયાત અપલોડ કરવાના રહેશે.**

(૧) સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલા વિધાર્થીનો જાતિના દાખલો

(૨) સક્ષમ અધિકારી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલા વાલીનો આવકનો દાખલો (જો પિતા હયાત ન હોય તો તેવા કિસ્સામાં પિતાના મૃત્યુનું પ્રમાણપત્ર અને જો માતા–પિતાએ છૂટાછેડા લીધા હોય છુટાછેડાનો આદેશ/આધાર રજૂ કર્યેથી માતાનાં આવકનો દાખલો માન્ય રહેશે.)
જે વિધાર્થીના પિતા/વાલી સરકારી નોકરી કરતા હોય તેવા વિધાર્થીના વાલીના આવકના દાખલાની સાથે આવક અંગેનું ઈન્કમટેક્ષ માટેનું ફોર્મ–૧૬ અપલોડ કરવું.)

(૩) બેંક પાસબુકની પ્રથમ પાનાની નકલ (જે બેંકો મર્જ થયેલ હોય તેવા કિસ્સામાં નવી બેંકના તથા નવા બેંક એકાઉન્ટ નંબરવાળી પાસબુક/ચેક

(૪) આધાર કાર્ડ

(૫) શાળા છોડયાનું પ્રમાણપત્ર (એલ.સી.)

(૬) ધો.૧૦ પાસ કર્યા બાદ તમામ ફાઈનલ વર્ષની માર્કશીટની નકલ

(૬) ધો.૧૦ બાદ અભ્યાસક્રમમાં તુટ (બ્રેક) પડેલ હોય તો તે સમય દરમ્યાન કોઈપણ પ્રકારનો અભ્યાસ કરેલ નથી કે કોઈપણ પ્રકારની શિષ્યવૃતિનો લાભ મેળવેલ નથી તે મતલબનું એકરારનામું

(૭) કોલેજની ચાલુ વર્ષની ફી ભર્યાની પાવતી

(૮) જે વિધાર્થી હોસ્ટેલમાં રહેતા હોય તેઓએ હોસ્ટેલર તરીકેનું પ્રમાણપત્ર રજું કરવું. (જેનો નમુનો પોર્ટલ ઉપર ઉપલબ્ધ છે જે ડાઉનલોડ કરી સક્ષમ સત્તાધિકારીશ્રીના સહી સિકકા કરાવવાના રહેશે.)

(૯) જો વિધાર્થી દિવ્યાંગ હોય તો તે અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રી દ્વારા ઈસ્યુ કરવામાં આવેલ પ્રમાણપત્ર રજુ કરવું.

(૧૦) વિધાર્થીનીના પરિણિત કિસ્સામાં લગ્ન પ્રમાણપત્ર

**SC શિષ્યવૃતિ મેળવતા વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરતી વખતે શત્ર શરૂ થયાની તારીખ પ્રથમ સત્રની ભરેલ ફી ની પાવતીમાં દર્શાવેલ હોય તે તારીખ ભરવી અને શત્ર પુર થવાની સંભવિત તા. ૩૦/૦૪/૨૦૨૬ ભરવાની રહેશે.**

(૧) SC શિષ્યવૃતિના વિદ્યાર્થીઓએ ફોર્મની ૨– કોપી ડોકયુમેન્ટ સાથે જમા કરાવવાની રહેશે.

(૨) બક્ષીપંચના વિદ્યાર્થીઓએ એક ફોર્મની કોપી ડોકયુમેન્ટ સાથે અને બીજી કોપી ડોકયુમેન્ટ વગરની ફોર્મની કોપી આપવાની રહેશે.

**શિષ્યવૃતિના ફોર્મ ચેક કરાવવા તેમજ સબમીટ કરેલ ફોર્મ જમા કરાવવા માટે નીચે જણાવ્યા મુજબ તારીખ તેમજ સેમેસ્ટર પ્રમાણે આવવાનું રહેશે.**

| સેમેસ્ટર | કેટેગરી | સમય અને તારીખ |
|---|---|---|
| BSC SEM-I-II | SC & ST | ૧૧:૩૦ થી ૩:૦૦ ૧૧/૦૮/૨૦૨૫ થી ૨૫/૦૮/૨૦૨૫ સુધી |
| BSC SEM-III-IV | | |
| BSC SEM-V-VI | | |
| MSC SEM-I-II | | |
| MSC SEM-III-IV | | |
| | | |

**બક્ષીપંચ અને ઈબીસી શિષ્યવૃતિ** મેળવતા વિદ્યાર્થીઓ માટે બીજી તારીખ મૂકવામાં આવે ત્યારે સૂચના પ્રમાણે શિષ્યવૃતિના ફોર્મ ચેક કરાવવા તેમજ સબમીટ કરેલ ફોર્મ જમા કરાવવા માટે આવવાનું રહેશે.

ઉપરોકત જણાવેલ સૂચના પ્રમાણે ઓનલાઈન ફોર્મ ભરી અસલ ડોકયુમેન્ટ અપલોડ કરવાના રહેશે અને ભરેલ ફોર્મ ફાઈનલ સબમીટ કરતાં પહેલા ચેક કરાવવાનું રહેશે અને ત્યારબાદ સબમીટ કરેલ ફોર્મ જમા કરાવવાનું રહેશે. **ઉપરોકત જણાવેલ સૂચના મુજબ**

પ્રિન્સીપાલ

Principal
Sheth M. N. Science College
PATAN (N. G.) 384265

તા.૩૧/૦૭/૨૦૨૫

SHETH M. N. SCIENCE COLLEGE PATAN (N. G.)

# શેઠ એમ.એન.સાયન્સ કોલેજ, પાટણ

# શિષ્યવૃતિ અંગે

## SC /ST /OBC/ EBC ની શિષ્યવૃતિ મેળવતા વિધાર્થીઓને જણાવવાનું કે શિષ્યવૃતિનું ફોર્મ ભરતા પહેલા તમામ સૂચનાઓ વાંચીને શિષ્યવૃતિનું ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે.

- વર્ષ :૨૦૨૨-૨૩ થી ભારત સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃતિ યોજના અંતર્ગત શિષ્યવૃતિનું ચુકવણું આધારબેઝ જ કરવામાં આવે છે એટલે કે વિધાર્થીનો આધારનંબર જે બેંક ખાતા સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃતિની ચુકવણી કરવામાં આવે છે. આથી તમામ વિધાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે જે વિધાર્થીઓએ આધાર અને બેંક ખાતાનું લીકીંગ/સીડીંગ કરાવેલ ના હોય તેઓએ તાત્કાલિક કરાવી લેવું.
- જો વિધાર્થીએ પોતાનું બેંકનું ખાતુ લાંબા સમય થી ઓપરેટ કરેલ ન હોય (એટલે કે બેંક ખાતામાં પૈસા ઉપાડવાનો કે જમા કરવાનો કોઈ વ્યવહાર કરેલ ન હોય) તેઓના ખાતા ડોરમેન્ટ કે સ્થગિત થઈ ગયેલ હોય છે. આવા ખાતામાં શિષ્યવૃતિ જમા થઈ શકતી નથી. જેથી તમામ વિધાર્થીઓએ શિષ્યવૃતિનું ફોર્મ ભરતી વખતે પોતાનું ખાતુ ડોરમેન્ટ કે સ્થગિત થઈ ગયેલ નથી તેની ખાતરી બેંકમાં ખાસ કરી લેવાની રહેશે જેથી ઓનલાઈન શિષ્યવૃતિ જમા કરતી વખતે મુશ્કેલી ઉભી ન થાય.
- જે વિધાર્થીઓએ ગત વર્ષ : ૨૦૨૪-૨૫ માં ઓનલાઈન અરજી કરેલ હતી અને નિયમોનુસાર શિષ્યવૃતિ મેળવેલ હતી તેવા વિધાર્થીઓની ચાલુ વર્ષની રીન્યુઅલ અરજી ઓટોમેટીક " Renewal " મોડમાં મુકવામાં આવશે એટલે કે તેવા વિધાર્થીઓએ " Fresh " એપ્લાય કરવાનું નથી. " Renewal " બટન પર કિલક કરી પોતાની તમામ વિગતો જેવી કે Registration Detail, Bank Detail, Academic Detail વિગેરે ચેક કરી જરૂરી બિડાણો અપલોડ કરી ઓનલાઈન સેન્ડ કરવાની રહેશે. (વિધાર્થીઓએ ઓરીજનલ ડોકયુમેન્ટ Scan કરી અપલોડ કરવા.)
- જે વિધાર્થીઓએ ગત વર્ષે શિષ્યવૃતિ મળેલ હતી અને તેનુ ફોર્મ ચાલુ વર્ષે ઓટોમેટીક " Renewal " મોડમાં ન જોવા મળે તો તેવા વિધાર્થીઓએ "Request a New Service" બટન પર કલીક કરી "Selcect Financial Year" ડ્રોપ ડાઉન મેનુમાં વર્ષ : ૨૦૨૫-૨૬ પસંદ કરીને લાગુ પડતી યોજનામાં ફ્રેશ ફોર્મ ભરી અરજી કરવાની રહેશે.

Principal

Sheth M. N. Science College